[illegible]ુનિકપ્રજા અને વીર્ય.

લખનાર

ડૉક્ટર કાલિદાસ મોતીરામ દ્વિવેદી

રાજકોટ—કાઠીયાવાડ.

અમદાવાદ.

યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડ.

આધુનિક પ્રજા અને વીર્ય.

લખનાર

ડાકટર કાલિદાસ મોતીરામ દ્વિવેદી.

રાજકોટ—કાઠીયાવાડ.

(જેણે સરકારમાં ડાકટર તરીકે નોકરી બજાવી મોટા
યુરોપીયન સીવીલીયન અમલદારનું ઉત્તમ સરટીફીકેટ
મેળવેલ છે, નામદાર ગાયકવાડ સરકારના હાથથી
ખોલેલ કોન્ગ્રેસ પ્રદર્શન તરફથી દવાઓ માટે
ફર્સ્ટકલાસ સરટીફીકેટ મળેલ છે, રાજકોટ
સ્ટેટના પ્લેગ ખાતાના માજી ડાકટર
તથા કેટલાક રાજવંશીઓના
ખાસ વૈદ્યક સલાહકાર.)

બીજી આવૃત્તિ. નકલ ૧૦૦૦.

સંવત ૧૯૬૦. ૨ ૧૯૦૪.

અમદાવાદ યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કં. લી.

સરટીફીકેટો.

વાંચનારને જણાવવાની જરૂર છે કે, અમારી બનાવેલ દવાઓ તથા યોગ્યતા માટે એટલાં બધાં સરટીફીકેટો મલ્યાં છે કે જે માટે આવાં હજાર પુસ્તકો છાપવામાં આવે તોપણ પૂર્ણ થાય નહીં, મોટા યૂરોપીઅન સીવીલીયન અમલદાર, ડબલીન યૂનીવરસીટીના ગ્રેજ્યુએટ થયેલા યૂરોપીયન ગૃહસ્થ, રાજા સાહેબો, મુંબાઇની યૂનીવરસીટીના ફેલો, હાઇકોર્ટ પ્લીડરો, સરકારી મોટા અમલદારો, ન્યાયાધિશ સાહેબો, રાજકુમારોના ટ્યુટરો, વર્ત્તમાન પત્રોના અધિપતિ સાહેબો, કેલવણી ખાતાના અધિકારીઓ, અમદાવાદની કોન્ગ્રેસ એકઝીબીશન કમીટી તથા નામાંકીત વેપારીઓ તરફથી અસંખ્ય સરટીફીકેટો મળેલ છે, જેમાંથી જુદા જુદા અનેક નમુનાઓ જુદે જુદે ઠેકાણે આવી

ગયા છે, છતાં પણ થોડાંક ચુંટાં કાઢેલ સરટીફીકેટોનો ટુંકસાર આ પુસ્તકના પાછલના ભાગમાં આપવામાં આવેલ છે, જે વાંચવા અમારી ખાસ ભલામણ છે.

ડાક્ટર કાલિદાસ મોતીરામ દ્વિવેદી.

રાજકોટ.

દુનીયાના સઘળા ભાગમાં ફત્તેહમંદ થયેલી પૌષ્ટિક ગોળીઓ.

જીવનોદય.

આ દવાના સેવનથી હજારો લોકોને મન માનતો ફાયદો મળેલો હોવાથી પોતે વાપરીને વખાણ કરવાની સાથે બીજાઓને વાપરવા ભલામણ કરે છે, કારણ કે તમામ જાતના વીર્ય દોષના વ્યાધી, માથાનો દુખાવો, પગમાં કળતર, સુસ્તી, યાદદાસ્તનું કમીપણું, કામપર અરૂચી, અને પોતાની કુટેવથી વ્હોરી લીધેલી નબળાઈ દૂર કરી શરીરમાં નવો જુસ્સો અને અજબ શક્તિ આપે છે. સ્ત્રીઓનાં પ્રદર વગેરે દરદો મટાડી ચહેરો ખુબસુરત બનાવે છે; અને તેથીજ સ્ત્રી અને પુરૂષોનાં ધીમે ધીમે શરીરને ખાઈ જનારાં દરદોને જીવનોદયની ગોળીઓ એકદમ નાબુદ કરતી હોવાથી,

હિંદુસ્થાન ઉપરાંત યૂરોપ અને આફ્રિકા,

વગેરે દુનીયાના દરેક ભાગમાં એક સરખો

વિજય મેળવ્યો છે. આજ કાલ પૌષ્ટિક દવાઓનો કાંઈ ટોટો નથી. જ્યાં જોઈએ ત્યાં શક્તિની દવાઓ નજરે આવે છે, તેવા વખતમાં આ જીવનોદયની ગોળીઓ કેવી રીતે પ્રખ્યાતીમાં આવી તેનો જવાબ એટલોજ કે,

માત્ર ઉત્તમતાને લીધેજ

સર્વે સ્થળે જીવનોદયની ગોળીઓ ઘરગતુ થઈ પડી છે. રાજા રજવાડામાં જીવનોદયની ગોળીઓનો બહુ મોટા પ્રમાણમાં ઉપાડ થાય છે અને તે પરથી જે લોકોએ આ દવા વાપરી તેઓએ

જીવનોદયની ગોળીઓ દુનીયામાં જીવન છે

એવું ઉપનામ આપી દરેક લોકોને વાપરવા ભલામણ કરેછે અને એથીજ જીવનોદયની ગોળીઓ આજકાલ જગજાહેર દવા થઈ ચુકી છે.

જીવનોદય અમૃત સમાન ઔષધ

હોવાથી અસંખ્ય સરટીફીકેટો મલ્યાં છે. રાજા રજવાડામાં અમારી મોટી ઘરાકી માત્ર જીવનો-

દય ઔષધે ફેલાવેલી કીર્ત્તિના લીધેજ છે. આજ કાલ બોલે તેનાં બોર વેચાય તેવો જમાનો છે. થોડા વખતમાં નાશ થતાં પતંગીયાં પણ પોતાનું તેજ સૂર્ય સમાન લેખે છે. તેવીજ રીતે આજના જમાનામાં નવાં નવાં ધતીંગોનો પાર નથી, તેમ આજના કેળવણીના જમાનામાં સાચી વસ્તુ અજવાળામાં આવ્યા વગર રહેતી નથી અને તેથીજ,

નામદાર ગાયકવાડ સરકાર

ના હાથથી ખોલેલ હિંદુસ્થાનનાં કળા કૌશલ્યને લગતાં અમદાવાદમાં ભરાયેલ કોન્ગ્રેસ પ્રદર્શન તરફથી નામાંકીત ડાકટરોની કમીટીએ અમારી જીવનોદયની ગોળીઓ તથા બીજી દવાઓની પરીક્ષા કરી પહેલા વર્ગનું સરટીફીકેટ આપેલ છે, અને એથીજ,

દુનીયામાં સચ્ચાઇ

એની મેળે જાહેરમાં આવ્યા વગર રહેતી નથી, એ કહેવત સાચી ઠરે છે. કેટલીક દવાઓ ટોનીક હોય છે, પરંતુ ઝાડો કબજ કરે છે, પણ

જીવોદયની ગોળીઓ તો પેટની કબજ મટાડે છે, ભૂખ લગાડે છે, વીર્યને વધારે છે, કમ પુરૂષ-પણું મટાડે છે, ચહેરાની ફીકાશ દૂર કરે છે, શરીરને મજબુત બનાવે છે, ગુમાવેલી તાકાત પાછી લાવે છે અને નપુંસકપણું મટાડી શરીરમાં

નવું લોહી અને નવું વીર્ય

પેદા કરે છે. શરીરનાં દરેક અવયવોને તાકાત આપી લોખંડ જેવું શરીર મજબુત બનાવે છે. સ્ત્રીઓનાં ગર્ભાશયને સુધારે છે. ઋતુદોષને મટાડે છે, અને દરેક જાતના પ્રદરને મટાડી શરીર કાંત્તિવાન બનાવે છે, અને એથીજ,

જીવનોદયનો વિજય

થયો છે. જીવનોદયની ગોળીઓ જીવનને વધા-રી શરીરનાં દરેક અવયવોનું પોષણુ કરી ધાતુ ક્ષીણતા અને ધાતુ વિકારનાં દરદો મટાડી શરણે જતાં દરદીઓને દરદથી મુક્ત કરે છે.

કિંમત—૩૨ ગોળીની ડબી એકનો રૂા. એક.

ડાકટર કાલીદાસ મોતીરામ દ્વિવેદી.

રાજકોટ—કાઠીયાવાડ.

પહેલી તથા બીજી આવૃત્તિની

પ્રસ્તાવના.

હાલના જમાનામાં વીર્ય શું છે, કેવી રીતે ઉત્પન્ન થાય છે, તથા તેનું રક્ષણ કરવાથી શું ફાયદા થાય છે એ વિષયનું વૈદક શાસ્ત્રના આધાર વાળું કોઇ પુસ્તક બાહાર પાડવામાં આવે તો લોકોને બહુ લાભ થાય એમ મારા વૈદક ધંધામાં વીર્યદોષનાં હજારો દરદીઓ આવવાથી મને જણાયું હતું અને એથીજ તેમના લાભની ખાતર આ પુસ્તકની પહેલી આવૃત્તિ બાહાર પાડી હતી. પહેલી આવૃત્તિ બાહાર પાડી ત્યારે પુસ્તકની કીમત પણ રાખવામાં આવી હતી છતાં એકદમ પુસ્તકોનો ઉપાડ થઈ ગયો અને સંખ્યાબંધ લોકોની પુસ્તકો માટે ઉપરાસાપરી માગણીઓ આવ્યાજ કરે છે, એજ હિંદુ, પારસી તથા મુસલમાન કોમમાં આ પુસ્તક કેવું લોકપ્રિય થઇ પડયું છે તેની મોટામાં મોટી સાબીતી છે. આ પુસ્તકના

સંબંધમાં મારા એક મિત્ર કે જેઓ કાલેજમાં પ્રીન્સીપાલ છે તેમણે મને જણાવ્યું હતું કે " આવાં ઉપાયોગી પુસ્તકની ગુજરાતી ભાષામાં ખરેખરી જરૂર છે અને દરેક જુવાનીયાઓએ વાંચવાથી મોટો લાભ છે, પરંતુ ગરીબ લોકો તથા વિદ્યાર્થી વર્ગના લાભ માટે આ પુસ્તક મફત મલે તો હાલની પ્રજાપર તમારો બહુ આભાર થશે " એ મિત્રની ભલામણ પરથી મારા મનમાં ચોકસ થયું કે લોકોનાં ભલા માટે નાણાં સંબંધી ભોગ આપવો પડે તોપણ ભલે એમ ધારી જીવનોદયની ગોળીઓ ખરીદનાર દરેક ગ્રાહકને આ પુસ્તક ભેટ આપવા ધાર્યું છે. જીવનોદયની ગોળીઓ ખરીદનારનેજ આ પુસ્તક ભેટ આપવાનું કારણ એટલુંજ કે જેને આ પુસ્તકની ખરી જરૂર હોય તેઓજ મગાવે. પોતે વાંચીને કાંઈ પણ સમજી ન શકે છતાં ગમે તે જાતનું પુસ્તક મફત મલે તો મગાવવુંજ એવો ધંધો લઇબેઠેલાઓ પર આ એક જાતનો અંકુશ અને પુસ્તકનો ખરો લાભ લેનારા ભણેલા અને સમ-

જુ લોકો તેનું ઉપયોગીપણું બરાબર જાણી શકે એ માટે એ યોજનાથી આ પુસ્તક મફત આપવા ધાર્યું છે. આપણા દેશમાં જુવાનીયાઓ કેવી બદફેલીમાં પડી શરીરના મુખ્ય આધારરૂપ ગણાતાં વીર્યનો દુરોપયોગ કરે છે એ સૌ કોઈ જાણે છે, તેવાઓના મગજમાં આ પુસ્તક વાંચી કાંઈ પણ સારી અસર થશે અને વીર્ય રક્ષા તરફ તેઓનું ચિત્ત ખેંચાશે તો મને મારી મહેનતનો બદલો મળી ચુકયો એમ હું માનીશ.

આ પ્રસ્તાવના સમાપ્ત કરવા પહેલાં વાંચનારાઓને જણાવવાની જરૂર છે કે, અંગ્રેજી વૈદ્યકશાસ્ત્ર, દેશી વૈદ્યકશાસ્ત્ર, આર્ય ધર્મશાસ્ત્ર અને વીર્ય વિષય સંબંધી મારો ઉંડો અભ્યાસ અને અનુભવ છે અને એ અનુભવના પરીણામે આ પુસ્તકમાં વર્ણવેલા વિકારો તથા દરદીઓની સ્થિતિપર ખાસ વિચાર કરીનેજ **જીવનોદયની** ગોળીઓ બનાવવામાં આવી છે અને તેથી એ ગોળીઓ એ દરદો પર ચોકસ ફાયદાકારક છે એમ અનુભવ સિદ્ધ છે, તો દરેક લોકો એ દવાનો લાભ લેવા ચુકશે નહીં એવી મારી ખાસ ભલામણ છે.

કર્ત્તા.

લાવણી. (રાહ—પૈસે જયસી ચીજ જગતમેં.)

બન્યા બાયલા વીર્ય બગાડી, તન મન નબલાં છેક થયાં;
થયા આળસુ રોગી શરીરે, શૌર્ય બુદ્ધિ બલ તેજ ગયાં. ૧
શરીર માત્રનું રૂપ વીર્ય છે, નહીં તેને નર વણસાડો;
જહાં લગી છે વીર્ય દેહમાં, તહાં લગી તનને જાણો. ૨
વીર્ય નાશની સાથ જાણજો; થશે દેહનો નાશ ખરે,
અલ્પ આયુષી અર્ધ આંધળા; જુઓ દર્દ શું થાય અરે. ૩
રાત દિન બૂમો પાડોછો, વીર્ય પાતલું છેક થયું;
કારણ મૂળ નવ શોધે કોઇ, શુભ તેજ આ કેમ ગયું. ૪
સમજ વગરના શું ભટકોછો, પરત્રિયા યમ સમ જાણો;
સ્વક્રિયાપર સ્નેહ જોડીને, આ લઘુ શિખ ઉરમાં આણો. ૫
સિદ્ધિ મોક્ષ સુધી છે વીર્યમાં, તન પોષક જન પરમાણો;
સદા વીર્ય રક્ષા મન રાખી અવર સુખો સુખે માણો. ૬
વીર્ય સાચવ્યે વિપત ન આવે, આનંદ મન રહેશે નિતે,
વીર્યવાન પુરૂષને ભાઇઓ, નિશ્ચે નવ કોઈ જીતે. ૭
બાળ વિવાહે બહુ બગાડયું, હિંદ તનુજો બહુ હાની,
અટકાવો એ ચાલ દેશમાં, હરકતને મોટી માની. ૮
જીવનોદય જીવન સમ જાણી, સેવન કરશો સહુ પ્રિતે;
બલ બુદ્ધિ તન પોષક એછે, ધારો શિખ જન આ ચિત્તે. ૯
કાલીદાસની અરજ સાંભળી; શરીર માટ આ યત્ન કરો,
શુભ શિખામણને મન ધારી, વરતો એ સમ સુજ્ઞ નરો. ૧૦

આધુનિક પ્રજા અને વીર્ય.

પ્રજા ઉત્પન્ન કરનારૂં તત્વ જે વીર્ય તેનો ગેર ઉપયોગ કરવાથી માણુસ જાત વ્યાધિ, દુઃખ તથા અકાલ મૃત્યુના ભયમાં આવી પડે છે. વીર્ય રક્ષાના નિયમોની અજ્ઞાનતાને લીધે વીર્યનો ગેરઉપયોગ કરવાથી માઠાં પરીણામો આવેછે એ વાત નિશ્ચયપૂર્વક ખરી છે, કારણ કેટલાક પુરૂષો એ નિયમોથી વાકેફ હોવા છતાં જાણી જોઇને વિરૂદ્ધ વર્ત્તે છે, તો પણ ઘણાખરા એ નિયમોથી કેવળ અજ્ઞાન હોય છે. ડોકટર કાઉન.

જેઓનો જન્મ ચાલુ સદીમાં છે અને જેઓ હયાત છે તેઓને પુછશો તો તમને માલમ પડશે કે જેટલું કૌવત એ ઘરડા પુરૂષો ધરાવે છે તેટલું કૌવત હાલના જુવાનીયાઓ ધરાવતા નથી.

તેની સાથે પગમાં કલતર પાચનશક્તિનું કમીપણું, માથાનો દુઃખાવો,* યાદદાસ્તનું ઓછાપણું, ઝાડાની કબજીયત, થોડાં તેજવાલી આંખો અને હરદમ સુરતીના રોગોએતો જાણે હાલના જુવાનીયાઓને આધિન કરી લીધા હોય તેમ દેખાય છે. જ્યાં હજી અઢાર વર્ષની ઉમર થતી નથી તે પહેલાં તો ઉપલા રોગો લાગુ પડે છે અને તેથી કરી વૈદ્ય, ડોકટરોને ત્યાં દવા માટે દોડધામ ચાલે છે. પણ આમ થવાનું કારણ શું? મારા વિચાર મુજબ શરીરનાં વીર્યનો નાશ હાલની પ્રજાની નિર્બલ સ્થિતિ થવાનું મુખ્ય કારણ છે. આવી સ્થિતિના લીધે ચડતીનો માર્ગ શો એ શોધવામાં આપણે ઝાઝી મહેનત લેતા નથી અને કદાચ લઇએછીએ તો કામમાં કાંઇ અડચણ આવવાથી તરતજ અધુરૂં મુકીએ છીએ. એવી બીકણપણાની ટેવ મનની નબળાઇને લીધેજ છે. શરીરની વૃદ્ધિ અથવા પોષણ માટે ખાવાપીવાનાં

---

* વીર્યદોષનાં બધુનાં દરદો મટાડવા માટે જીવનોદયની ગોળીઓ જગ વિખ્યાત છે.

જે સાધનો છે તે સર્વેનું તત્વ વીર્ય છે. રસ, લોહી, માંસ, મેદ, અસ્થિ, મજ્જા તથા વીર્ય એ મળી કુલ શરીરમાં સાત ધાતુ છે અને એ બધીમાં શરીરનો મુખ્ય પાયો વીર્યપર ટકી રહેલ છે. ઘણા લોકોને આપણે બોલતાં સાંભળીએ છીએ કે એનામાં રામ નથી યા એનામાં એટલુંજ પાણી છે, તે સર્વ વાક્ય આ તત્વને અનુસરીનેજ છે. વીર્યની માઠી દશાને લીધે પ્રજા મજબુત બાંધાની નહીં હોવાથી શૂરાપણાનાં તથા વિદ્યાવૃદ્ધિનાં કામો કરી આગલ વધવાની શક્તિ આપણામાંથી દિવસે દિવસે ઘટતી જાય છે, અને તેથીજ આપણા વડવાઓને જોરાવર, જબરદસ્ત અને વીર્યવાન એવાં વિશેષણ લાગતાં તે વિશેષણ હાલની પ્રજાને લાગુ પડી શકશે નહીં. લખનારનું કહેવું એમ નથી કે હાલની પ્રજા કેલવણી અને હુન્નરમાં આગળ વધી નથી. મારો લખવાનો હેતુ એવો છે કે અલબત હાલની પ્ર-

---

જીવનોદયની ગોળીઓની બનાવટ ઉમદા વનસ્પતીમાંથી છે.

જા કેળવણી લઈ આગળ વધી છે અને વધે છે પરંતુ શારીરિક સ્થિતિ નબળી હોવાને લીધે નિ-રૂત્સાહી બની ઘણાં કામો પોતાની મેળે અધુરાં રાખે છે અગર ભરજુવાનીમાં મોતથી ઝડપાઇ પોતાના મનની ઇચ્છા મનમાંજ રહી જાય છે. હમણાની પ્રજા થોડી આવરદાવાળી છે એ તો આ વખતમાં સર્વ કોઇ જાણે છે, કારણ કે કેળવણી લઇ આગલ વધેલા ઘણા જુવાનીઆઓને નાની ઉમરમાં મરતા બધે ઠેકાણે સાંભળીએ છીએ. વી-ર્ય નાશ થવાનાં ઘણાં કારણો છે પણ મુખ્ય કાર-ણ એ છે કે વીર્યનું રક્ષણ કરવું આ વાતની લોકોના મનમાં અસર થવી જોઇએ તેટલી રીતે અસર ન થવાથી વીર્યનો નાશ થયો છે અને થતો જાય છે. કોઇ પણ વાત બરાબર રીતે પાર પાડવા માટે તેના હેતુ ઉપર લોકોના મનમાં ખરો ભરોંસો હોવો જોઇએ. મહાત્મા તુકારામે કહેલ છે કે, "નિશ્ચયનું બળ અને તેથી મળે ફ-

---

ખરાબ રસ્તે જતી ધાત જીવનોદયની ગોળીઓ એકદમ બંધ કરે છે.

જ." તુકારામની કહેવતનો અર્થ એવો છે કે જેવો વિચાર મજબુત તેવું તેનું ફળ મળે છે. જો વિચાર ભુલો હશે તો તેનું ફળ કોઈ વખતે પણ સારૂં મલવાનું નથી. ફળ સારૂં મેલવવા માટે વિચાર ડગે નહીં તેવો હોવો જોઇએ. એજ પ્રમાણે વીર્યનો નાશ ન થવો એવો વિચાર લોકોના મનમાં પૂર્ણ રીતે ઠસી જાય તો તેનું પરીણામ ઘણું સારૂં આવવા સંભવ છે.*

---

* વિદ્યાર્થીઓ, યુવાવસ્થામાં તમો બ્રહ્મચર્યરૂપી શક્તિ જાળવશો તો એવી કોઇ પણ વસ્તુ નથી કે જે તમો હાથમાં લઈ શકશો નહીં. બ્રહ્મચર્ય તો ઉગતા વૃક્ષ માટે જેટલી રસની જરૂર તેટલા અંશમાં તમારે માટે જરૂરી છે તેનો તમો કદી નાશ કરશો નહીં. તે જ બ્રહ્મચર્યને પ્રતાપે તમો જે માયાના આવરણમાં પડયા છો તે બંધનમાંથી છુટી સમાધિષ્ટ થઇ પરબ્રહ્મને પ્રાપ્ત થશો કે જે હિંદી પ્રજાનો દિવ્ય હીરા છે. બ્રહ્મચર્યથીજ તમો આખી સૃષ્ટિ ઉપર પણ વિજય મેળવી શકશો. હું એમ વિદ્યાર્થીઓ ઉપર ઠસાવવા માગું છું કે ઇંગ્રેજી ભાષા ભણવા છતાં તમો કદી પણ તમારા દેશનું પ્રાચિન સર્વોત્તમ જે બ્રહ્મચર્ય વ્રત તેનો કદિ પણ ત્યાગ કરશો નહીં. (મીસ મારગેટ નોબલ.)

રાત દિવસ ટપકતી ધાતુ જીવનોદયની ગોળીઓ અટકાવે છે.

પોતાપર પડતી આફતો માણસો નિશ્ચયના બળથી દૂર કરી શકે છે અને આફતો મટાડી એટલે નિશ્ચયનું શુભ ફળ એની મેળે મળે છે. વીર્યનો નાશ ન થવો એવો વિચાર લોકોના મનમાં પુરી રીતે થાય તો પછી એ પાર પાડવા હરકત નથી. જેમાંથી બચી જવા માટે માર્ગ સુજતો નથી એવાં કેટલાંક કારણો માણસોને પેદા થાય છે તોપણ તેમાંથી બચવા માટે ખરો આધાર નિશ્ચયના બળ ઉપર છે. વીર્યનો નાશ કરવો નુકસાનકારક છે એમ કદાચ સેંકડે એકાદ બેને સમજાયું હશે પરંતુ તેથી કાંઈ વળવાનું નથી, કારણ એવો વિચાર બધી પ્રજામાં થવો જોઇએ. વીર્યનો નાશ થવો એ સારૂં નહીં, પણ એ કેમ ન થવો અને થવો તો ક્યાં સુધી ઇત્યાદિ જાણવાની ખાસ અગત્યતા છે. વૈદ્ય, ડોકટર અને હકીમો પોતાના પાસે વીર્યદોષનાં

પગની કળતર અને કમરનો દુઃખાવો જીવનોદયની ગોળીઓ એકદમ બંધ કરે છે.

આવતાં દરદીઓને વીર્યની મહત્તા વિશે સમજાવી તેવું રક્ષણ કરવા માટે સૂચના કરશે તો હાલની પ્રજાપર તેમનો મોટો ઉપકાર થશે. તેમાં પણ હજુ ઉછરતી વયનાં બાળકોને તો વીર્યનું ઉત્તમપણું, ઉપયોગીગણું અને તેનું રક્ષણ કરવાથી શરીર નિરોગી રહે છે એવો બોધ કરી મગજમાં ઠસાવી દેવું જોઈએ કે વીર્યને કોઈ પણ રીતે ખરાબ રસ્તે જવા દેવું નહીં જોઇયે.*

રસ, લોહી, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને વીર્ય આ સાત ધાતુ શરીરમાં છે, તેમાં પણ વીર્ય એ સૌથી શ્રેષ્ટ છે, એ વીર્યમાં પણ ઓજ

* વીર્ય અને પ્રાણનો સંબંધ બહુ નિકટ છે. એટલે તેને જે વણસાડે છે તે પોતાનું પરાક્રમ, બુદ્ધિ, બળ સર્વ વણસાડે છે. અમુક વયે સ્ત્રી પુરૂષને વીર્ય રક્ષા કરવી નજ ફાવે અને કરે તો અડચણ થાય એવો જે આજકાલ લોકાપવાદ છે તે અમે સિદ્ધ રીતે ખોટો કરી શકીએ છીએ. સર્વથા વીર્ય રક્ષામાંજ મોક્ષ પર્યંતની સિદ્ધિ છે, (પ્રાણ વિનિમય) (મ. ન. દ્વિવેદી.)

કરીને એક ઉમદા શાકત છે. સાધારણ રીતે શરીરમાં જેમ લોહી, માંસ આગર હાડકાં ફેલાણી જગ્યાએ છે અને ફેલાણી જગાએ નથી એવું કહેવાતું નથી તેમ શરીરની વધારે ઓછી રચના પ્રમાણે દરેક માણસના શરીરના ભાગમાં સાતે ધાતુ તેના સાથે ઓજસ એ પણ છે. રસ, મેદ, મજ્જા અને વીર્ય એ ચાર ધાતુ શરીરમાં કેવી સ્થિતિમાં છે એનું જ્ઞાન દરેક લોકોને હોતું નથી જેથી જણાવવાની જરૂર છે કે, માંસનો જાડાઇનો ભાગ તે મેદ છે. કોઇ કોઈ તેને ચરબી કહે છે. મજ્જા એક પ્રકારનો હાડકામાં રહેનારો રસ છે અને રસ એ લોહી બનાવવાનું સાધન છે છતાં તે સાધારણ રીતે લોહી સાથે રહે છે. હવે બાકી રહ્યું વીર્ય. આ ચાર ધાતુઓ શરીરમાં શા શા ઉપયોગી છે તે માટે વિશેષે કરીને કાંઇ કહેવાનું નથી. સબબ કે તેનું ઉપયોગીપણું ઘણાને માલમ પડી શકે છે. વીર્યનું ઉપયોગીપણું પણ સમજાઇ શકે છે, તથાપિ એ શરીરમાં ક્યાં રહે છે તે બધાના જા-

---

ણવામાં હોતું નથી. આપણે જે ખાઇએ છીએ તેનું પોષણ થવાનો જે ભાગ છે તે તથા જેથી શરીરનો કાર્યભાગ ચાલે છે, તેમાં રસ, લોહી અને માંસ વગેરે ધાતુ એક એકથી વધારે અગત્યનાં છે. એટલે રસ કરતાં લોહી વધારે અગત્યનું છે અને માંસ કરતાં મેદ વધારે અગત્યનું છે. માંસ, મેદ અને લોહી કરતાં પણ વીર્ય બહુ ઉપયોગી છે. વીર્ય શબ્દની યોગ્યતા ઘણી મોટી છે. વાગ ભટકર એ બાબતમાં અષ્ટાંગ હૃદયનાં સુત્ર સ્થાનમાં લખે છે કે "જેથી કરીને કર્મ થાય છે તે વીર્ય છે." એવો મત ચરકાચાર્યનો છે. જેનામાં વીર્ય નથી તેનાથી કાંઈ થઈ શકનાર નથી. માટે જે કાંઈ ક્રિયા કરે છે તે સઘળું વીર્ય છે. એ ઉપરથી ખુલ્લું દેખાય છે કે શરીરમાં જેને આપણે વીર્ય કહીએ છીએ તે શરીરમાં મુખ્ય છે, અને શરીરમાં દરેક કામ કરવા શક્તિ પણ તેજ આપે છે. જેમ વીર્યનું મહત્વ મોટું છે તેમ તે બનવા માટે પણ ઘણો

વખત લાગે છે* સિવાય શરીર ચલાવવામાં તેનો વ્યય પણ સારી રીતે થાય છે. શરીરમાં તે જેટલું હોવું જોઇએ તેટલું રાખવું એ શરીરના પોષણ માટે અગત્યનું છે. શરીરમાં કયા ધાતુ કેટલા પ્રમાણમાં હોવા જોઇએ, તેનો ખર્ચ કેટલો થવો જોઇએ વગેરે શરીર શાસ્ત્રવેત્તાઓએ અનુભવ પૂ-ર્વક નિયમ કરી રાખ્યા છે તે જોયું એટલે વીર્ય-નાશ કરવો એ ઘણું ભયંકર કૃત્ય છે એમ સ-હેજમાં સમજાશે. મળ ઠરાવેલી રીતથી કાઢવોજ જોઇએ અને જો તે કાઢવામાં નહીં આવે તો નુકસાન કરશે, પણ વીર્ય ઠરાવેલા વખતે બાહાર પડવુંજ જોઇએ એવા પ્રકારનો મત કોઇ પણ શાસ્ત્રમાં છેજ નહીં. શરીરમાં જે ક્રિયા ચાલતી હોય છે તેમાંજ એવો ધર્મ હોય છે કે તે યોગથી

* તમો ગૃહસ્થ હોકે ન હો, તમો વકીલ હોકે ડાક્ટર હો, પરંતુ તમારે બ્રહ્મચર્યનો સિદ્ધાંત બનતાં સુધી ધ્યા-નમાં રાખી તે પ્રમાણે વર્ત્તન કરવું જોઈએ.

જસ્ટીસ. જી. એન ચંદાવરકર.

શરીરમાંથી જે મળ બાહાર જવો જોઇએ તે જાય છે અને જેટલું શુદ્ધ સત્વ શરીરમાં રહેવું જોઇએ તેટલું રહે છે. તાલીમબાજ, બ્રહ્મચારી, સન્યાસી વગેરે ઘણા લોકો વીર્યપાત કર્યા વગર ઘણીજ સારી રીતે રહે છે તો પછી વીર્યપાત નિયમિત કરવો એમ કોણ કબુલ કરશે! વીર્યપાત કરનાર કરતાં શાંત ચિત્તથી વીર્ય રક્ષણ કરનારની શારીરિક તથા માનસિક સંપત્તિ ઘણી સારી રીતની હોય છે એમ ડગલે ડગલે અનુભવમાં આવે છે. શાસ્ત્રમાં જેને વીર્ય કહે છે તેનેજ લોકો સાધારણ રીતે ધાતુ કહે છે અને તે ધાતુને શાસ્ત્રમાં બહુ ઉપયોગી જણાવેલ છે ત્યારે હવે કહેવામાં હરકત નથી કે ધાતુનો ગેરવ્યાજબી નાશ કરવો એ શરીરના નાશ માટે તૈયાર થવા બરોબર છે. ઘરનો બચાવ કરવા માટે તેના થાંભલા જેમ પાકા હોવા જોઈએ તેમ આ શરીરરૂપી ઘરના વીર્ય રૂપી મજબુત થાંભલાને સંભાલથી રાખવો જોઇએ. વીર્યનો નાશ જેટલો ન થાય તેટલો શરીરને સુખકા-

---

રકજ થશે. પરંતુ જો મનના વિકારથી વીર્ય બગડેલું હોય તો તે બગડેલું વીર્ય મનના દાબને ઓછું કરતું જાય છે. મનના વિકારથી તે વીર્યને હલકાપણું પેદા થાય છે અને તેમાં હલકાપણું પેદા થયું એટલે સહન શકિત લુલી પડી તેનાથી અનેક પ્રકારના રોગ પેદા થાય છે. વીર્યનો પાત કરવો અથવા ન કરવો એ માણુસના મન ઉપર આધાર છે. જે લોકો વીર્યને સાચવી શાંત ચિત્તથી સારી ચાલચલગ્રુ તથા મજબુત વિચારના જોરથી રહે છે તેની શરીરની સ્થિતિ દિવસે દિવસે જોરાવર અને તેજસ્વી થતી જાય છે. માણુસ વીર્યપાત કર્યા વગર રહેતો તેના જેવું ઉત્તમ બીજું કાંઈ નથી પણ તે મનથી રહેવાય તોજ ઉપયોગી છે.

અત્યાર લગી વીર્યના સાધારણુપણા માટે વિવેચન થયું, પરંતુ એક વળી બીજી જાતની વીર્ય

પારસી, હિંદુ અને મુસલમાનો ઉપરાંત યુરોપીયનોમાં પણ જીવનોદયની ગોળીઓ ટાનીક તરીકે બહુ વખણાય છે.

નાશની નુકશાનકારક રીત હાલના જુવાન્યાઓમાં થઈ ગઈ છે કે તે વિશે ખાસ ધ્યાન પહોંચાડયા સિવાય છુટકો નથી. વીર્યપાત કરવો તો વ્યવસ્થીત રીતથી શરીરના બાંધા પ્રમાણે સ્ત્રી સમાગમથી કરવો, પણ હાલનો વીર્યપાત આગલના જમાનાના વીર્યપાતથી જુદો હોવો જોઇયે, કારણ હાલનો એટલે પાંચ પચીશ વર્ષનો જે કાળ ગયો તે કાળથી આપણા હિંદુસ્થાન દેશમાં જે વીર્યપાત થાય છે તેવો ઘાતકી પ્રચાર આગલ કોઈ પણ વખતે થયો નહીં હશે. સ્ત્રીગમનથી વીર્યપાત થવો એ દુનીયાનો કુદરતી નિયમ છે પરંતુ બીજાં સાધનથી એટલે હાથ રસથી ઉગતા જુવાન્યાઓ વીર્યપાત કરે છે.* ખીલતી જુવાનીને

---

* દુનીયાના નિયમથી ઉલટી રીતે હાથથી વીર્યપાત કરવો તેને હાથરસ એવું નામ આપવામાં આવ્યું છે. ઇંગ્રેજીમાં "માસ્ટરબેશન" "સેલ્ફ એબ્યુઝ" "હેન્ડ ડીસ્ટ્રોઇંગ" અને "ડેથ ડીલીંગ પ્રેકટીસ" એવાં નામો આપેવામાં આવેલ છે.

આ પુસ્તકમાં "હાથરસ" એ શબ્દને બદલે હવેથી "કુટેવ" એ શબ્દ વાપરવામાં આવશે.

ધુળધાણી કરનારી આ કુટેવથી થતો વીર્યપાત સ્નાયુમાંનું જોર હરી લે છે. એ કેટલું ખરાબ છે તેનો જો જરા પણ વિચાર કરવામાં આવે તો તેનું ખરાબપણું તુરત સમજવામાં આવશે, તથા તે બંધ કરવામાંજ મનુષ્ય જન્મનું સાર્થક છે એમ કબુલ કરવું પડશે. પ્રાચિન કાળમાં આપણાં ધર્મશાસ્ત્રમાં કુટેવથી થયેલ વીર્યપાતને બાળ હત્યા જેવું મોટું પાપ લખેલ છે તેનું કારણ એજ છે. કુટેવથી વીર્યપાત કરનારાઓનું વીર્ય એવું નબળું પડી જાય છે કે એવી બુરી આદતમાં ફસાયા પછી ઘણીવાર એ ક્રિયા કીધા વગર પણ વીર્ય એની મેળે પડી જાય છે. એવા માણસો પાછલથી તેમ કરવાનું બંધ કરે તો પણ સ્વપ્નામાં એકદમ વીર્યપાત થયા કરે છે અને અંતે મૃત્યુ થવાથીજ છુટકો થાય છે; કારણ તેના શરીરમાંથી અતિ ઉમદા વસ્તુ નાશ પામેલી હોય છે. જેને ન્હાની ઉમરમાં એટલે આંસરે બારથી

સોલ વર્ષની દરમ્યાનમાં વીર્યપાત કરવાની ટેવ પડેલી હોય છે તેવા લોકો ગમે તેટલા ઇલાજ કરશે તથાપિ ઘણું કરીને તેની જીંદગી વધારે વખત ટકતી નથી એમ મને મારા પાસે આવેલાં કેટલાંક દરદીઓ પરથી ખાત્રી થઇ છે. એવો વીર્યપાત કદાચ જીંદગીનો નાશ ન કરે તો પણ વીર્યને હલકા પ્રકારનું બનાવે છે. વીર્યમાં નબળાઈ આવવાથી સંતતીના નાશ અથવા નબળાઇમાં એવી રીતનો વીર્યપાત કારણભૂત હોવાથી એવા વીર્યપાતને બાળ હત્યાનું પાપ લાગે છે એ બરાબર છે. એવાઓને સંતતી થવાની આશા રાખવી ફોકટ, કદાપિ જો થાય તો થોડી આવરદાવાલી પ્રજા થાય છે. એટલુંજ નહીં પરંતુ ઉત્તમ ગ્નાતીમાં પુનર્લગ્ન થઇ શકતાં નથી તે જાતમાં સ્ત્રીઓનું આયુષ્ય ફોકટ જવાથી સ્ત્રી હત્યાનું અને બાળહત્યાનું પાપ પણ એવા પુરૂષોને લાગે છે. પાપ એટલે "નુકસાનને કારણ ભૂત

ખરૂં પુરૂષાતન લાવવા માટે જીવનોદયની ગોળીઓ આશીરવાદ સમાન છે.

થવાનો ગુન્હો." એ ગુન્હાથી પોતાનો અને પારકાનો નાશ થાય છે. એવો વિચાર કરીને એના અટકાવ માટે તુરત ધ્યાનમાં લેવું જોઇયે. આપણે માણસ છીએ, પરંતુ સારૂં નરસું સમજવાની શક્તિ ન હોય તો માણુસપણાનું અભિમાન રાખવું એ વ્યર્થ છે. જે ખરાબી થઈ છે તે સુધારવાનો માર્ગ લેવા વિલંબ ન કરવો, કારણ કે આગળ ઉપર વધારે ખરાબી થવા સંભવ છે. હાલનો જે કાળ આવ્યો છે એવો કાળ કોઇ પણ રાજ્યપર ક્યારે પણ ન આવે એમ જગત્ નિયંતા પાસે પ્રાર્થના છે. વીર્યપાતનું સાધન જે સ્ત્રી ગમન તેના અતિયોગથી ઘણા અનર્થ નથી થતા એમ નહીં પણ એ અનર્થનો ઇલાજ થઇ શકે તેમ છે. વીર્ય એટલે શું તે કેવું હોય છે આ જેના સ્વપ્નામાં પણ નથી અથવા પ્રજાની ઉત્પત્તિને લાયક વીર્ય જેનામાં પેદા થયું નથી એવા સોળ સતર વર્ષની ઉમરના જુવાન્યાઓને આ

જરાબી ખરાબ વિચાર થવાથી થતો વીર્યપાત જીવનોદયની ગોળીઓ અટકાવે છે.

કુટેવ લાગુ પડવા લાગી છે તો પછી એના જેવી બીજી ભયંકર આફત કોઇ પણ નથી. જુવાનીમાં ઘરડા જેવું દેખાવું, બેચેની, યાદદાસ્તનું કમીપણું, પાચનશક્તિનું મંદ પડવું, ચહેરાપરની લાલાશ ઉડી જવી, ફેફરૂં, તમામ અવયવોનું શિથિલપણું અને શરીરનું નાહિંમતપણું, ધ્રુજવું એવા અનેક રોગો આ કુટેવમાં પડેલા જુવાન્યાઓને ઘેરી લઇ છેવટે થોડા વખતમાં રીબાઈ રીબાઇને મરણને શરણ થવું પડે છે. માટે જુવાન્યાઓ ચેતજો અને આ ચેતવણીથી ઉગતી પ્રજાને વાકેફ કરશો.

હાલમાં કેટલાક સુધારાવાળા પણ કુધારાને ગૃહણ કરી બેઠેલા વીસમી સદીના વા ખાધેલાઓ ઉછંખળપણે એમ માની બેઠા છે કે સ્ત્રીને અટકાવ આવે ત્યારે તેને છેટે રાખવી એ ખોટું છે. તેઓ એક પશુ કરતાં પણ હલકી સ્થિતિના બની અટકાવવાળી સ્ત્રીનો સ્પર્શ કરી તેને ભોગ-

---

મોટા મોટા ડાક્ટરો અને વૈદો તાકાત માટે પોતાનાં દરદીઓને જીવનોદયની ગોળીઓ વાપરવાની સલામણ કરે છે.

વવામાં એક જાતના વહેમને તોડેલો માને છે પણ એમાં તેઓની મોટી ભૂલ છે. ચાલતા આવેલા રીવાજથી, આપણા ધર્મશાસ્ત્રથી અને વૈદ્યક શાસ્ત્રથી વિરૂદ્ધ વર્તવાનો તેઓ મોટો ગુન્હો કરે છે અને ગુન્હાની ભયંકર શિક્ષા તેમને ભોગવવી પડે છે. જો રજોદર્શન વખતે સ્ત્રીનો સમાગમ કરવામાં આવે તો એ વીર્ય નિષ્ફળ જાય છે. કદાચ ગર્ભ રહે છે તો તે સ્થિર રહે નહી. કેટલાક વિદ્વાન અને અથંગ અનુભવી એવા તબીબો એવું માને છે કે રક્તપિત્તનું મૂળ રજસ્વલા કિંવા દસ્તાનની હાલત (માસિક હાલત)માં દૂર બેઠેલી સ્ત્રી સાથ ગમન કર્યાથી જે સંતતી ઉત્પન્ન થાય છે તે રક્તપિત્તવાલી નિવડે છે, અથવા તો એવા અકુદરતી પાપી સંબંધથી પેદા થયેલ બાળક કે માણુસ રકતપિનવાળાં હોય છે. આ અનુમાન યા સિદ્ધાન્ત સારી સમજને તેમ અનુભવને મલતું દીસે છે. હલકી જાતનાં નીચ વ-

---

દસ્તાન સંબંધી કોઈ પણ દરદોને જીવનોદયની ગોળીઓ એકદમ નાશ કરે છે.

રણુનાં અથવા કાલી પરજનાં લોકો જેઓ રજસ્વલા સ્થિતિનો જોખમ બિલકુલ ન સમજતાં કુતરાં બિલાડાંની પેઠે તે હાલતમાં પણ પોતાના શારીરિક જુસ્સા કિંવા હવસ પુરા પાડે છે. તેમનામાં એ રોગનો ઉપદ્રવ ઝાઝો હોય છે. ચોકસ જંગલવાસી ગામનાં નરડાં દુબળાં જેવાં જે લોકો દારૂનાં પીણાની ખુમારીમાં એવું અતેરૂં વિશેષ કરે છે તેમનામાં એ રોગનો વધારો અમે જાતે અનુભવેલો છે. પારસી ધર્મે તથા રીવાજે દસ્તાનની પરહેજીની બેહદ બારીકી વધારી મેલેલી છે, તેની ખુબી આમાં આપણે જોઇ શકીએ છીએ. આ પરહેજીને વહેમી તથા જુલમી ગણી હસી કાઢેછે તેઓ છતી આંખે આંધળા તથા હૈયાના ફુટા હોવા જોઇએ, કે જે પોતાના ધર્મની આ સોનાના મુલ્યની આજ્ઞાનો અનાદાર કરી તેને હસી કાઢેછે.

નબળા પુરૂષના પ્રકાર ૧ નપુંસક, ૨ થોડા વીર્યવાળો, ૩ સત્તાહીન. ૪ વીર્ય વગરનો ૫ પ-

---

તાજું અને ચોખ્ખું લોહી પુરતા જથ્થામાં વધારવું એ તો જીવનોદયની ગોળીઓનું મુખ્ય કામ છે.

મેહવાળો, ૬ જેને વીર્યને બદલે લોહી નીકળતું હોય, ૭ ઉપદંશ (ચાંદી) ના રોગવાળો, ૮ ઝેરી વસ્તુઓનું સેવન કરનાર. એ આઠ જાતના પુરૂષોથી પ્રજા સારી ન થાય, માટે તેમણે પોતાના રોગ સુધારવા ઉપાય કરવા.

૧ જે સ્ત્રીને કંઇ પણ સંતતી ન હોય તે જન્મ વંધ્યા કહેવાય. ૨ જેને છોકરૂં થઈ પાછું કંઇ થાય નહીં તે કાક વન્ધ્યા કહેવાય. ૩ જેને છોકરાં થઇને મરી જાય તે મ્રતવત્સા કહેવાય. ૪ જેને બબે માસ ચડી ઋતુ આવી ગર્ભસ્રાવ થઈ જાય ને ગર્ભસ્રાવી કહેવાય. ૫ જેને બે અથવા ચાર માસ પેટમાં થઇ ગર્ભ ગળી જાયને વધે નહીં તે ગલદ ગર્ભા કહેવાય. ૬ જેને પેટમાં ગર્ભ રહી વધે નહીં અને બીજો ગર્ભ પણ રહે નહીં તેને છોડ કહેવાય. ૭ જેને ઋતુજ ન આવે તે રજોહીના કહેવાય. તે સિવાય પણ સ્ત્રીને ઋતુના દોષ હોય છે.*તેથી ગર્ભ રહેતો નથી.

---

*મહામાં ઉમદા "બ્લડ પ્યુરીફાયર" જીવનોદયની ગોળીઓ છે.

ઋતુ આવે ત્યારે શરીર ધ્રુજે, મધ સરખું અથવા ઘી સરખું ઋતુ દેખાય એ પણ ઋતુના દોષ કહેવાય. જે સ્ત્રીનો ઋતુ જાસુસના ફુલ જેવો અને પાકેલ ધોળાંનાં રંગ સરખો હોય તે ઋતુ શુદ્ધ કહેવાય, તે સ્ત્રી તુરત ગર્ભધારણ કરે છે. જે સ્ત્રીનો ઋતુ પાકેલ જાંબુનાં ફળ જેવો હોય, ગળીના રંગ સરખો હોય અથવા જેના ઋતુમાં રંગ દેખાતા હોય તથા ગંધ હોય તે વાયુથી પીડાવાલી સ્ત્રી જાણવી. જેના કોઠામાં લોહીની ગાંઠ હોય, માસ (એક મહિના) ઉપરાંત ચડી ચડીને ઋતુ આવે, જેનું કમળ સુકાઇ ગયું હોય, કમળ ઉપર સોજો હોય, જેના કમળમાં કોઇ જાતનાં ઝીણાં ઝીણાં છીદ્ર હોય, નાભીમાં શૂળ નિકળ્યા કરતું હોય, ઉલટી થાય, ઓડકાર આવ્યા કરે, છાતી દુખે, પરસેવો વળે, બળતર થાય, બકવા કરે, મોઢું પીલું થઇ જાય, આંખું બળે, તાળવું, ગળું અને હોઠ સુકાય,

---

સંસાર સુખ ભોગવવા માટે જીવનોદયની ગોળીઓ પહેલા દરજ્જે ધરાવે છે.

આંખમાંથી પાણી ઝરે એ સર્વ દસ્તાન સંબંધી રોગ છે. એવી સ્ત્રી ઘણા દિવસે ગર્ભ ધારણ કરે છે અને તે રોગ વન્ધ્યા દોષથી જુદો છે.

પુરૂષ અને સ્ત્રીના સમાગમથી શરીરમાં બળતરા થાય,ધ્રુજારો થાય,માથાની પીડા,મૂર્છા, આંતરડાંનો ગડગડાટ, પરસેવામાં ગંધ આવે અને અનાજ પચે નહીં ત્યારે જાણવું કે વીર્ય અથવા ઋતુ સંબંધી વ્યાધી છે. જે સ્ત્રીને ઋતુ ધોળાસવાળું હોય અને નાભીમાં શૂળ ઘણું હોય તેને કફ દોષવાળું ઋતુ જાણવું. જે સ્ત્રીને ઋતુ આવે ત્યારે તાવ ઘણો આવે, રૂધીર થોડું થોડું દેખાય, ઘણુંજ ઉનું હોય, કાળુ હોય, ચીકણું હોય, કેડમાં તથા પેડુમાં શૂળ આવે, શરીર ભાંગે અને નિદ્રા ઘણી આવે તેને ઋતુ દોષ જાણવો. જે સ્ત્રીને ઋતુ આવે ત્યારે પાકેલા જાંબુના ફળ સરખું અથવા ગુમડાં હોય તેવું અને ગરમ લોહી આવે, કેડમાં શૂળ અને પેડુમાં બળતરા થાય

ત્યારે તેને પિત્તવિકારનો ઋતુ દોષ જાણવો.

સ્ત્રીએ ગર્ભ રહ્યા પછી ઉદાસી, બીક, થાક લાગે તેવું કામ, દિવસે સુવાનું, ટાઢ઼ા, વિશેષ ગરમ. તથા પેટમાં બલતરા કરે તેવા પદાર્થની પરેજી રાખવાથી ગુણવાન સુંદર પ્રજા પેદા થાયછે.

વીર્યનો નાશ થવાનાં કારણોમાં મુખ્ય કારણ સંગતી છે અને એવી સગતીની અત્યારે જ્યાં જોઇએ ત્યાં રેલછેલ ચાલી રહી છે. જુવાનીઆઓ વીર્ય બગાડીને પછી તે સુધારવા માટે ચિંતા ભોગવે છે. જેઓ સુધારવા માટે કાંઇ પણ ઇલાજ કરે છે તે તેમાંથી મુકત થાય છે, પણ જેઓ શરમમાં રહીને પોતાના રોગની વાત બીજાને કહેવી પડશે એવી બીકને લીધે કોઇને કહેતા નથી અને એથીજ એ વીર્ય સુધારવારૂપી ચિંતા છેવટે તેઓને ચિતામાં લઇ જાય છે. આ પ્રમાણે ભયંકર ચિંતાનું પરીણામ આપણા દેશમાં માણસો મોટા પ્રમાણમાં ભોગવે છે. એ ચિંતા

ઢીલાં થયેલ સ્નાયુને શક્તિ આપવા માટે જીવનોદય-ની ગોળીઓ જગ વિખ્યાત છે.

થવાનું કારણ એજ કે જે વિકાર માણસની પુરતી જુવાનીમાં પણ વધારે થવો નુકસાનકારક છે તે વિકાર ઉગતી વયમાં જુવાનીની શરૂઆતમાં જ ન્હાનાં ન્હાનાં બચ્ચાંઓમાં દેખાય છે. વીર્યનો નાશ અને વૃદ્ધિ એ સ્ત્રી અને પુરૂષને બંને રીતે સરખા પ્રમાણમાં લાગુ છે. પુરૂષનો વીર્યપાત નજરે દેખાય છે અને સ્ત્રીનો વીર્યપાત નજરે દેખાતો નથી પણ બંનેની સ્થિતિનો મેળ સરખો છે. ત્યારે બંને વર્ગની હાલની જોખમકારક સ્થિતિમાં ભવિષ્યમાં પ્રજા કેવા દરજ્જાની થશે એ દેખીતું જ છે. કરમાઈ ગયેલ અથવા સુકાયલાં બીજનો ગરમીવાળાં પાણીમાં અથવા ખરાબાવાળી જમીનમાં નાંખેલો પાક બહુ ખરાબ થાય છે. અફસોસની વાત છે કે આટલી બધી ખરાબ સ્થિતિ આવી ગઈ છે છતાં હવેની પ્રજા માટે થોડો ઘણો સુધારો કરવાનો વિચાર લોકોના મનમાં આવતો નથી. એકંદર હાલનો વીર્યનાશ

નબળાઈને લીધે થતાં દરદોને જીવનોદયની ગોળીઓ અટકાવે છે.

એ તદ્દન હદ બાહાર થતો જાય છે એ ચોક્કસ છે.

કારણસર વીર્યપાત થાય તો વધારે નુકસાન કર્તા નથી એમ આગળ કહેવામાં આવ્યું પરંતુ કારણસર વીર્યપાત ક્યારે તથા કેવી રીતે કરવો એ વિશે મોટો સવાલ છે. સ્ત્રી સહયોગ વગર વીર્યપાત કરવાની મનાઈ છે, તથાપિ સ્ત્રી સહયોગથી આજમી કરતાં વધારે અથવા ન કરવાને વખતે વીર્યપાત કરવો એ પણ સારૂં નથી. ફલાણેજ વખતે વીર્યપાત કરવો જોઇયે એવો પણ કોઈ નિયમ જોવામાં આવતો નથી. આ એક શંકા છે, તે બાબતમાં એટલુંજ કે માણસે પોતાનુ મન જેમ બને તેમ સ્ત્રી ગમન તરફ શરીર પ્રકૃતિના પ્રમાણમાં રાખવું. વીર્યનો સંતતી પેદા કરવા સિવાય જેટલો વ્યય કરવો તે ગેરવ્યાજમી છે એવો પ્રાચિન વિદ્વાનોનો મત છે. વાગ ભટાચાર્ય અષ્ટાંગ

વરસાદ જેમ દરેક લોકોને આનંદ આપે છે તેમ જીવનોદયની ગોળીઓ પણ તેનું સેવન કરનારને આનંદ આપે છે.

દય સ્થાન વિશે લખે છે કે " સજ્જનો પણ કહે છે કે "દંપતીનો સ્નેહ કેવળ સંતતી ઉત્પન્ન થવા જેટલોજ જોઇયે." આપણા પૂર્વજો માટે આપણે મોટું અભિમાન રાખવું જોઇએ કે તેમણે આપણાં સુખ અર્થે એવા નિયમ સ્થાપિત કર્યાછે કે જેને લખવા બેસીએ તો આ નહાનું પુસ્તક પુરતું ન કહેવાય. વીર્યપાત કરવાની હદ થોડી છતાં આપણે તેનો બહુ દુરૂપયોગ કરીએછીએ. હાલનો થયેલો પ્રકાર ચાલતાં ચાલતાં એટલો બગડી ગયો છે કે તુરતમાં સુધરી શકે તેમ નથી. કદાચ એકદમ જોરથી સુધારવા જઇએ તો તેનું ખરાબ પરીણામ થઇ જશે આ ખરાબ પરીણામ સુધારવા સારૂં હળવે હળવે તથા યુક્તિથી ઇલાજ શોધી કામે લગાડવા જોઇએ. આપણામાં બાળલગ્નથી હાલમાં બાલ્યાવસ્થાથીજ સ્ત્રી પુરૂષો સંસાર વ્યવહારમાં પડેછે* માત્ર બાળલ-

* હાલના દુર્ભાગ્યથી આપણા દેશના લોકો જેવા દુર્બળ અને રૂગ્ન થયા છે એવી રીતના બીજે ક્યાંઇ જોવામાં આવતા નથી. મહા પાપ આપણા દેશમાં પેઠું

ગનનો પ્રતિબંધ કરવાથીજ સંતતીના મનમાં થનારો વિકાર બંધ રહેશે એમ કયારે પણ બનવાનું નથી.

છે. પરમેશ્વરની કોઈ પ્રબળ આજ્ઞા ઉલ્લંઘન થઈ છે. આપણું દારૂણ દુરદૃષ્ટ આવ્યું છે એમાં સંશય નથી. ઘણાકો કહે છે કે મ્હારા પિતામહ બહુ બળવાન હતા. એંશી વર્ષની ઉમરમાં બમણું ખાતા અને મહેનત કરી શકતા. કોઈ કોઈ કહે છે કે મ્હારા પિતામહ કોઈ વેળાએ પણ ગુરૂતર રોગમાં પડયા નથી, હમણા ત્હેના સંતાન કહીને પરીચય આપતાં શરમ લાગે છે. વસ્તુતઃએવું પ્રત્યક્ષ જોવામાં આવે છે અને ઘણાકો પુનઃ પુનઃ એવી ખેદોક્તિથી કહે છે કે અદ્યપિ ૭૦ વર્ષના માણસો ખાય છે તેટલું હું યૌવન દશામાં પણ ખાઈ શકતો નથી. ૪૦–૫૦ વર્ષની અંદર કેવી રીતે આવું અમંગળ થયુ. તેની શોધ કરવી સ્વદેશ હિતૈષી મનુષ્યોની ફરજ છે ન્હાની ઉમરમાં સ્ત્રી સહયોગ તેનું એક મ્હોટું કારણ છે તેમાં સંશય નથી.

અક્ષય કુમારદત્ત.

શિયાલીઆં જેમ સિંહના અવાજથી ભાગે છે તેમ જીવનોદયના ગોળીઓથી નબળાઇનાં દરદો ભાગે છે.

બાળકોની સ્થિતિ તદ્દન ન સુધરી શકે તેવી દશા તરફ ગયા પછી આંખ ઉઘાડવી એ ઉપયોગી નથી. તેથી "**यद्यपि शुद्धं लोक विरुद्धं ना करणीय ना चरणीयम**" (અમુક વસ્તુ શુદ્ધ હોય પરંતુ લોકથી વિરૂદ્ધ હોય તો તે વસ્તુનો ત્યાગ કરવો.) આ તત્વ વચન પ્રમાણે ઉપદેશ કરીને આચરણોમાં તેની છાપ ઉતારીને ફેરફાર થવો જોઇયે. લગ્ન કીધાથી છોકરો રંડીબાજ અને છોકરી વ્યભીચાર કરતી અટકશે એવો વિચાર કરવા કરતાં યોગ્યકાલ જોઇ લગ્ન કરવાં એ ઘણું ઉત્તમ છે. લગ્ન કરવામાં પણ કુલીનતાના આડંબરમાં નહી ઝીપલાતાં દીકરીનો પતિ તેની ઉમર કરતાં પાંચ સાત વરસે મોટી ઉમરનો નિરોગી અને ગુણવાન હોવા વિશેની ખાત્રી કર્યા પછી કન્યા પરણાવવામાં આવે તો જોડું સુખી થવા સંભવ છે, પરંતુ તેમ કરવાને બદલે કાંતો કુલીનતાથી અગર કન્યા વિક્રયના કાળા કેરથી જે માબાપ લોભાઇ જઇ પો-

---

તાજું અને ચોખ્ખું લોહી પુરતા જથ્થામાં વધારવું એ તો જીવનોદયની ગોળીઓનું મુખ્ય કામ છે.

તાની દીકરીને વૃદ્ધ અથવા રોગીષ્ટ પતિ સાથે પરણાવે છે તે જોડું સુખી થતું નથી અને એથી જે કાંઈ પાપાચરણ થાયછે તેનો દોષ પુત્રીનાં માબાપોને લાગે છે. સાધારણ પાણીનો ઘડો ખરીદ કરીએછીએ ત્યારે પૂર્ણ તપાસ કર્યા પછી લઇએ છીએ તો પછી જેની સાથે ભવનું સારૂં કરવાનું એ વિશે કેમ કસોટી ન કરવી! બાળલગ્નથી થતા ગેરફાયદાથી સર્વકો પૂરી રીતે વાકેફ હશે, છતાં દૂર ન થઈ શકે તેવાં કારણથી કોઈ માબાપથી પોતાનાં બચ્ચાંનાં બાળલગ્ન કરવામાં આવે તો સ્ત્રીની સોળ વર્ષ અને પુરૂષની એકવીશ વર્ષની ઉમર થાય ત્યાં સુધી સાથે રહેવા ન દેવાં જોઇએ. આ એક વૈદક નિયમને અનુસરીને સૂચના છે અને તે સૂચના જેટલે દરજજે સારી રીતે પળાશે તેટલે દરજજે તેની પ્રજા બળવાન અને નિરોગી ઉત્પન્ન થશે. માબાપોને એક વધારે અગત્યની સૂચના એછે કે પોતાનાં બચ્ચાંનાં દેખતાં શૃંગા-

---

શરીરને દરેક કામમાં ઉમંગી બનાવવું હોય તો જીવનોદયની ગોળીઓ જરૂર વાપરવી જોઈએ.

રીક શબ્દો બોલવા નહીં, તેમ પોતાનાં બચ્ચાંને એવા શબ્દો સાંભળવાની, બોલવાની તથા અમર્યાદિકપણે વર્તવાની જ્યાં છુટ મલતી હોય તેવે ઠેકાણે જવા દેવાં નહીં. માબાપોએ ખાસ ધ્યાન આપવું કે જેટલી કાળજી પોતાનાં બચ્ચાંને સુધારવા માટે તેઓ બાલ્યાવસ્થામાં લેશે તે કાળજીનું પરીણામ તેની સંતતીનાં ભવિષ્યમાં બહુ સારૂં આવશે. છોકરા કે છોકરીને મોટી ઉમરે પહોંચ્યા પછી શિખામણ આપી હોય તો તેની અસર થાય ખરી, તો પણ તે કરતાં નાનપણથીજ તેના હૃદયમાં નીતિની છાપ બેસાડવી એ અતિ ફાયદાકારક છે.

લોકોની વૃતિ સ્થિર કરવા માટે જેટલું યુક્તિથી કામ થશે તેટલું જોર જુલમથી થશે નહીં. માણસ પોતાની ઉમરમાં એટલે જુવાનીમાં આવ્યા પછી જો તેનાથી યોગ્ય રીતે વીર્યપાત થયો તો તે નુકસાનકારક તો છે, પરંતુ વીર્ય બનતું હોય

શરીરનું હૌવત જાળવી રાખવા માટે જીવનોદયની ગોળીઓ જરૂર ખાવી જોઈએ.

તે સમયમાં અગર તો અર્ધ સ્થિતિએ પહોચ્યું હોય તે વખતે થનારૂં નુકસાન ઘણું મોટું છે. બાર વર્ષ થયા પછી અને ચૌદ તથા સોળ વર્ષની અંદર જેણે વીર્યપાત કરવા માંડયો તેનાં લાકડાં મસાણમાં જલદી મોકલવાં જોઇયે. કારણ કે વીર્ય નાશ થવો એ વીર્યના ઉત્પન્ન થવા પહેલાં ઉપયોગી નથી તેમાં જેટલો જલદીથી થાય છે તેટલો તે વિશેષ નુકસાનકારક છે. વીર્ય ઉત્પન્ન થઇ પૂર્ણ થવાનો કાળ દરેકના બાંધાને અનુસરીને વધતો ઓછો રહેલો છે, જેથી જેવી યોગ્યતાનાં બીજથી માણસ ઉત્પન્ન થયેલ હશે તે પ્રમાણે વધારે ઓછી મુદતે તેનું વીર્ય પૂર્ણતાને પામે છે, અને તેથીજ નબળા વીર્યથી ઉત્પન્ન થયેલ કેટલાક માણસો જલદીથી જુવાનીમાં ઘરડા સરખા દેખાતા આપણે જોઇએ છીએ

ઉત્તમ, મધ્ય અને કનિષ્ટ એવી ત્રણ પ્રકારની ઉમર કહેલી છે તે અનુક્રમથી બાલ, તારૂણ્ય,

---

વિદ્યાર્થીઓને જીવનોદયની ગોળીઓ ખાધાથી અભ્યાસમાં કંટાળો ઉપજતો નથી.

મધ્ય અને વૃદ્ધ એ ચાર અવસ્થા છે. ચાલ્યાથી થાક લાગે, મહેનતથી ક્ષીણ થયેલ, બાળક અને કોમળ શરીરનાં માણસને અધમ એવી સંજ્ઞા આપેલ છે. આસરે સોળ વર્ષ સુધી બાલ આ સંજ્ઞા લાગુ છે. પચીશ વર્ષ સુધી યુવા એટલે જુવાની કહેવાય છે. ત્યાર પછી ૭૦ વર્ષ સુધી મધ્ય ઉમર કહેવાય છે અને એ પછી વૃદ્ધત્વ (ઘરડાપણું) સમજવું. મનુષ્યની પ્રકૃતિ પ્રમાણે સાધારણપણે આવરદાના વધારે ઓછા ભાગ દેખાડવા સારૂ અનુમાનથી લખેલ છે તેમ ન હોય તો શાસ્ત્રકારોએ ૭૦ વર્ષની ઉમરને મધ્ય ઉમર કહી છે, પરંતુ હાલમાં તો મધ્ય ઉમરમાં ઘરડાપણું આવવાના એક નહીં પરંતુ અનેક દાખલા બને છે. સોળ વર્ષની અંદર તથા વીશ લગીની ઉમરને તારૂણ્ય કહે છે તથાપિ જેનો દેહ મૂળથીજ દુર્બલ જેવો હોય તે તથા પૂર્ણ ઉમરમાં આવેથી સ્ત્રી મધ્યમ કહેવાય

હજારો લોકો જીવનોદયની ગોળીઓનાં વખાણ કરીને સરટીફીકેટો આપે છે.

છે. પચીશ વર્ષથી પચાશ. વર્ષ લગીની ઉમરનો પુરૂષ અથવા સ્ત્રી જેનો દેહ મજબુત છે તેમને ઉત્તમ એવી સંજ્ઞા લાગુ છે. ત્રીશ વર્ષ લગી યૌવન અને ચાલીશ વર્ષ સુધી સોલ વર્ષ પહેલાં બધેલ ધાતુ પૂર્ણપણામાં આવે છે, તથા ૬૯ વર્ષ સુધી તેજ સ્વરૂપમાં રહીને વૃદ્ધપણામાં હળવે હળવે કમતી થાય છે વાગભટના ટીકાકારના મત પ્રમાણે ૧૬ વર્ષથી ૪૦ વર્ષ પર્યંત શરીરના આકારમાં પૂર્ણ વધારો થવા સંભવ છે, પરંતુ હારીતના મત પ્રમાણે ૨૭ થી ૫૦ લગી છે. એ ઉપરથી સાફ દેખાય છે કે ઉમરની હદ જેવી ગ્રંથકારોના વખતમાં અનુભવમાં આવી તે પ્રમાણે તેઓએ લખેલછે.

જુવાનીમાં પેસતા પુરૂષો અને સ્ત્રીઓ શરમ વગરનાં બની જવાથી વર્યપાત કરવાનો નિયમ નહતો, એટલુંજ નહીં પરંતુ ન્હાના ન્હાના છોકરાઓએ પણ તે નકલ કરવાથી વીર્યપાતનો માર્ગ

દરદો અને જીવનોદયની લડાઈમાં દરદો નાશ પામી જીવનોદયની ગોળીઓની ફત્તેહ થાય છે.

ખુલ્લો થયો. ઘરમાં પણ એજ વિષય, બાહ્ય-બંધોમાં પણ એજ વાત, નાટકોમાં પણ વગર જરૂરનાં પ્યારી પ્યારાનાં શરમ વગરનાં નકામાં ટાયલાં, વાર્તાઓમાં પણ " પ્યારી તારા વિના શું થશે, તું મને કેમ વિસરી ગઈ! એવાં ચીથરીયાં નોવેલોનો ફેલાવો અને એવીજ રીતની ઘણી વાતોની રેલછેલ ચાલી રહેવાથી પાપ પુણ્યનો જે ડર હતો તે લોકોએ છોડી દીધો અને તેથી વીર્યનો નાશ ઝપાટાબંધ થતો જાય છે. દરેક વાત ઉપર ઇલાજ કરવાનો એટલે કોઈ પણ જાતનુ થનારૂં ખરાબપણું બંધ કરવું. તે પ્રમાણે આનો ઇલાજ એટલોજ કે નવી સંતતીને આ ખરાબપણું નું પરીણામ સમજાવવું જોઇયે. માબાપોએ પોતાનાં છોકરાંઓને ખરાબ શબ્દ બોલવાની, શૃંગારીક ચેષ્ટા નજરે પડવાની, શરમ વગરનાં નાટકો જોવાની અને હલકી વાર્તાઓ વાંચવાની અગર કોઈપણ કામ વિષયક અનુકરણ કરવાની છુટ નહીં આપતાં એ

ખરૂં પુરૂષાતન લાવવા માટે જીવનોદયની ગોળીઓ આશીરવાદ સમાન છે.

બાબતની પુરતી સંભાળ રાખવી એ પ્રકારની કાળજી મોટી ઉમરના માણસે ન્હાની ઉમરના માણસ માટે અવશ્ય રાખવી જોઇયે. આગળ એક બીજાની મર્યાદા હતી પરંતુ હાલમાં તેનો નાશ થઇ ગયેલ છે. એ ઇસારો કોઈ માણસને સાધારણ લાગે તો તેમની મોટી ભૂલ છે. પચીશ વર્ષ આગળની સ્થિતિ જોઇશું તો હાલની અને તે વખતની સ્થિતિમાં ઘણો ફેરફાર થઇ ગયો છે. કારણ કે તે સમયે તો શૃંગાર ચેષ્ટા શું છે તેની પુખ્ત વયનાં સ્ત્રી પુરૂષોને પણ ખબર નહોતી. શહેરના ન્હાના છોકરા જેટલા શૃંગારવિષયમા તલ્લીન હશે તેટલા ગામડાંના મોટી ઉમરના પુરૂષો પણ નહી હશે એ પરથી પ્રત્યક્ષ અનુભવ સિદ્ધ છે કે હદ બાહાર ગયેલ શૃંગારીક વિષયને બંધ કરવા માટે અદબ અને બીક વધારવાની જરૂર છે.

જે માણસો પુખ્ત વયમાં આવવા લાગ્યા છે તેમના દિલમાં વીર્યનાશનું ખરાબ પરીણામ બરાબર રીતે સમજાતાં પાપ પુણ્યની બીક સાધારણ રીતે વધશે અને ખરાબ કામથી દુર રહેશે. એમ

જુવાનીને જીવનોદયની ગોળીઓ કાયમ રાખે છે.

થવા સારૂ શૃંગારીક વિષયનાં પુસ્તકો વાંચવા દેવા કરતાં સદાચરણ અને શાંત મનથી રહેવા માટે નીતિમય ઉપદેશક ગ્રંથો વાંચવા આપવા એ ઘણું ઉત્તમ છે. શરીરનું રક્ષણ કરવું એ અતિ મહત્વનુ કામ છે એવી તેમના મનની ધારણા કરવી જોઇએ. જેમ તાલીમબાજ માણસની વીર્યનાશ તરફ વૃત્તિ થતી નથી તેવીજ રીતે બાળકોની ન્હાનપણથીજ તેવી વૃત્તિ થવી જોઇએ. વીર્ય નાશ કરવો એ આત્મઘાતનું કારણ છે એવી તેમની સમજણ થવાથી તેનું ફળ ઘણું હિતકારક આવશે. આ પ્રમાણે પહેલેથી કાળજી રાખી હોય તો તેના શિક્ષણની અસરથી ખરાબ પરીણામ આવવાની ધાસ્તી રહેજ નહીં. તાલીમબાજ લોકોના મનમાં કુસ્તી રમી ફત્તેહમંદ નિવડવાની આશા સ્ફુરી રહેવાથી પોતાના શરીરના રક્ષણ માટે બહુ કાળજી રાખે છે, તેવીજ રીતે જુવાનીમાં પડતા દરેક જુવાનીઆઓએ પોતાનુ શરીર મજબુત રા-

---

શક્તિ માટે જીવનોદયની ગોળીઓ સલામતી ભરેલો ઈલાજ છે.

આવા માટે બહુજ કાળજી રાખવી જોઇયે, કે જે-
થી સંસારમાં જે જે કામ કરવાને તેઓ ધારશે
તો તેમાં વિજય મળતો રહેશે. વીર્ય નાશથી શ-
રીર નબળું બની ભર જુવાનીમાં મરણ થાયછે.
માણુસને મરવું એ કાંઇ ડરવા જેવું નથી પણ
રીબાઇ રીબાઇને લાંબા વખત સુધી માંદા રહીને
અથવા પોતાના ધારેલા વિચારો મનમાં રહી જતાં
અકાળ મરવું એના જેવું એકે ખસબ નથી. કેવ-
